અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે
લોન આપવા બાબત.
લોનની રકમમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : એસપીએચ/૧૦૯૭/મુ.મ.૩૧૫/નબા/૮(૦૬)/ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૩-૩-૨૦૦૭

વંચાણે લીધા :-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૯-૩-૧૯૯૯નો ઠરાવ ક્રમાંક : એસપીએચ-૧૦૯૭-મુ.૩૧૫-ગ.
(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫-૪-૧૯૯૯ નો ઠરાવ ક્રમાંક : એસપીએચ-૧૦૯૭-મુ.૩૧૫-ગ.
(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૭-૩-૨૦૦૨ નો ઠરાવ ક્રમાંક : એસપીએચ-૧૦૯૭-મુ.૩૧૫-ગ.
(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮-૧-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક : પીએમએસ-૧૦૨૦૦૩-ન.બા.૬-ઞ.
(૫) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭-૧૦-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક : એસપીએચ-૧૦૯૭-મુ.૩૧૫-ભાગ-૨-ગ.
(૬) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨-૨-૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક : પીએમએસ-૧૦૨૦૦૩-નબા-૬-ગ.

ઠ રા વ :-

આમુખમાં દર્શાવેલ ઠરાવોથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે જવા લોન આપવાની "ડૉ. બાબા સાહેબ આંબેડકર સ્કોલરશીપ લોન યોજના" અમલમાં મુકવામાં આવી છે. હાલમાં ઉપર ક્રમાંક-૧ માં દર્શાવેલ સરકારશ્રીના તા.૯-૩-૧૯૯૯ના ઠરાવથી ઠરાવ્યા મુજબ વિદ્યાર્થી દીઠ રૂ.૫.૦૦ લાખ લોન વાર્ષિક ૪ ટકાના દરે આપવાની યોજના વખતોવખત સુધારેલ શરતો મુજબ અમલમાં છે.

૨. પ્રસ્તુત બાબતમાં કાળજીપૂર્વકની વિચારણાને અંતે આમુખમાં ક્રમ (૧) માં દર્શાવેલ આ વિભાગના તા.૯-૩-૯૯ ના ઠરાવની શરત નં. (૫) માં સુધારો કરીને વિદેશમાં અભ્યાસ માટે વિદ્યાર્થી દીઠ રૂ.૫.૦૦ લાખ લોનની રકમમાં વધારો કરીને ખરેખર થવાપાત્ર/થયેલ ખર્ચ અથવા રૂ.૧૦.૦૦ લાખ (રૂપિયા દશ લાખ) એ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમની લોન વાર્ષિક ૪ ટકાના વ્યાજના દરે આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. આ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ ના અંદાજપત્રમાં વિભાગ-૧ નવી બાબત તરીકે કરેલી રૂ.૨૦૦.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

૪. આમુખમાં દર્શાવેલ ઠરાવોથી વખતો વખત સુધાર્યા મુજબ આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

૫. આ યોજના અંગેનું ખર્ચ તા.૧-૪-૨૦૦૭ થી કરવાનું રહેશે.

૬. આ અંગેનું ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર-૬૨૨૫, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર : ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર (૦૩) બીસીકે-૧૫, વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન હેઠળ ઉધારવાનું રહેશે અને તે હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

૭. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ નાણાં વિભાગની તા.૧૯-૩-૨૦૦૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી/-**
**(શ્રીમતિ એસ. આર. ભુરીયા)**
ઉપસચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.